જનારા પાછળ આંસુ પાડનારાં ઘણાં મળશે, પણ જીવતા સામે સ્મિત કરી, ખુશીથી વાત કરનારા મળવા મુશ્કેલ છે
- અફઘાન કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૧૭ | ૭ જુલાઇ, ૨૦૧૪, સોમવાર; અષાઢ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# અંતે રાજયપાલ કમલા બેનીવાલની બદલી

## બેનીવાલની મિઝોરમમાં બદલી કરાઈ : રાજસ્થાનના રાજ્યપાલ આલ્વા નિયમિત વ્યવસ્થા નહીં થાય ત્યાં સુધી ગુજરાતના રાજ્યપાલની ભૂમિકામાં રહેશે



અમદાવાદ, નવી દિલ્હી,તા. ૬

ગુજરાતના રાજ્યપાલ ડો. કમલા બેનીવાલની તેમની બાકીની અવધિ માટે મિઝોરમમાં બદલી કરી દેવામાં આવી હતી જ્યારે મિઝોરમના રાજ્યપાલ વક્કોમ પુરુષોત્તમનને નાગાલેન્ડના રાજ્યપાલના તરીકે શિફ્ટ કરવામાં આવ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી રાજ્યપાલો બદલવાની હિલચાલ ચાલી રહી હતી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, રાજસ્થાનના રાજ્યપાલ માર્ગેરેટ આલ્વા ગુજરાતના રાજ્યપાલ તરીકેની પણ હાલમાં જવાબદારી સંભાળશે. જ્યાં સુધી ગુજરાત રાજ્યના નવા રાજ્યપાલની નિમણૂંક કરવામાં ન આવે ત્યાં સુધી તેઓ ગુજરાતના રાજ્યપાલ તરીકેની સેવા કરશે. બીજી બાજુ મિઝોરમના રાજ્યપાલ વિક્કોમ પણ ત્રિપુરાના રાજ્યપાલ તરીકેની હાલમાં જવાબદારી સંભાળશે. જ્યાં સુધી નવી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી તેઓ પણ આ જવાબદારી અદા કરશે. ગુજરાત અને મિઝોરમના રાજ્યપાલોના ટ્રાન્સફર ખુબ જ અપેક્ષા મુજબ જ થઈ છે. કારણ કે, નરેન્દ્ર મોદી સરકાર નવા રાજ્યપાલોની નિમણૂંક માટે તૈયારીમાં છે. ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓને મોટી જવાબદારી રાજ્યપાલ તરીકેની સોંપવામાં આવનાર છે. અડધા ડઝન રાજ્યોના રાજ્યપાલ બદલવામાં આવનાર છે. નવા રાજ્યપાલોના નામ ઉપર છેલ્લા ઘણા દિવસથી ચર્ચા ચાલી રહી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ ભાજપના કેટલાક વરિષ્ઠ નેતાઓને જવાબદારી સોંપવામાં આવી શકે છે. મહારાષ્ટ્રમાં મુરલી મનોહર જોશીને રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. વર્ષ ૨૦૦૪માં જ્યારે યુપીએ સરકાર કેન્દ્રમાં એનડીએની જગ્યાએ આવી ત્યારે આ સરકારે પણ રાજ્યપાલોને બદલી નાંખ્યા હતા. યુપીએ દ્વારા પણ તેમની અવધિ પુરી થાય તે પહેલા જ રાજ્યપાલોને તેમના હોદ્દા પરથી રાજીનામુ આપવા કહ્યું હતું કે, જેમાં હરિયાણાના રાજ્યપાલ બાબુ પરમાનંદ, વિષ્ણુકાંત શાસ્ત્રી (ઉત્તરપ્રદેશ), કેદારનાથ સહાની (ગોવા) અને કૈલાશપતિ મિશ્રાનો સમાવેશ થાય છે. કયા રાજ્યમાં કોની નિમણૂંક હવે કરવામાં આવશે તેને લઈને ભારે સસ્પેન્સ છે.

# અછતની સ્થિતિ જાહેર કરવા આરંભાયેલી કવાયત



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી સ્થિતિ પર ચાંપતી નજર રાજ્યનું મહેસુલી તંત્ર રાખી રહ્યું છે અને ધીમી ગતિએ અછત - અર્ધઅછતની સ્થિતિ ઘોષિત કરવા માટેની કવાયત હાથ ધરી છે. જોકે વેધર વૉચ ગૃપની એક મહત્વની બેઠક મળશે અને તેમાં પરિસ્થિતિ પર સમીક્ષા કરવામાં આવશે. રાજ્ય સરકાર ઉભી થઈ રહેલી પરિસ્થિતિપર ચાંપતી નજર રાખી રહી છે.

સરકારે કૃષિ વિભાગને આકસ્મિક પાક આયોજન તૈયાર કરી ખાતા પાસેથી પણ ખગોળીય સ્થિતિની જાણકારી મેળવવામાં આવશે.

પશ્ચિમ ભારતના રાજ્યોમાં દુષ્કાળનો ભય હોવાનું ખાનગી હવામાન સંસ્થાએ કરેલી આગાહીની પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવેતેવી શક્યતાઓ છે.

વળવા માટે આગોતરૂ આયોજન તૈયાર કરવામાં વ્યસ્ત છે

બીજી તરફ રાજ્યમાં આજની સ્થિતિએ મોસમના વરસાદની ૮૦ ટકાથી પણ વધુ ઘટ પ્રવર્તી રહી છે. ખેડૂતો પણ ચિંતાતુર બન્યા છે તેમજ પાણીના સ્તર ઝપડથી નીચા જઈ રહ્યા

## પાણીના પ્રશ્નો માટે મંજૂરીની રાહ જોયા વિના સમસ્યા તાકીદે ઉકેલવા સરકારની સૂચના

એકાદ સપ્તાહ બાદ આ કામગીરીમાં વેગ આવે તેવી શક્યતાઓ છે.

દરમિયાન રાજ્ય સરકારે દરેક જિલ્લા કલેક્ટરોને પાણીના પ્રશ્નો માટે કોઈપણ પ્રકારની મંજૂરીની રાહ જોયા વગર તાત્કાલિક પગલાં લેવા તેમજ ઘાસચારા સંદર્ભે સીધો સરકારનો સંપર્ક કરવા માટેની સૂચનાઓ જારી કરી દીધી છે.

મહેસુલ વિભાગના સૂત્રોમાંથી મળતી વિગતો મુજબ આ સપ્તાહે ઘાસચારા સહિતના પાકોના વાવેતર થાય તે જોવા જણાવ્યું છે. જો જળસંપત્તિ વિભાગને પણ પીવાના પાણીની સ્થિતિને લઈ આખો માસ્ટર પ્લાન તૈયાર કરવા માટેની સૂચનાઓ આપી દીધી છે.

આ સપ્તાહે મળનારી મહત્વની બેઠકમાં પ્રભારી સચિવોને જિલ્લાઓની મુલાકાત લીધા બાદ તૈયાર કરીને મોકલેલા અહેવાલોની સમીક્ષા કરાશે. આ ઉપરાંત હવામાન

મળતી વિગતો મુજબ જ્યોતિષિઓ પણ વરસાદ મોડો થશે જરૂર પણ પુરતા પ્રમાણમાં થશે તેવી આગાહીઓ કરી રહ્યા છે. જોકે રાજ્ય સરકાર ઉભી થઈ રહેલી પરિસ્થિતિથી વાકેફ છે અને પરિસ્થિતિને પહોંચી છે. પિયત વિસ્તારોમાં થયેલા વાવેતરને બચાવવા માટે વીજળીની માંગમાં વધારો થવા પામ્યો છે.

રાજ્ય સરકારે વિવિધ જળાશયોમાં રહેલા પાણીના જથ્થાની પણ વિગતો મેળવી લીધી છે.

# આજથી વિધાનસભામાં બજેટ પર ચર્ચા

## વિપક્ષ દુષ્કાળના મુદ્દે સરકારને ઘેરવાનો પ્રયાસ કરશે

ગાંધીનગર,તા. ૬

ગુજરાત વિધાનસભામાં આજથી રાજ્ય સરકારે રજુ કરેલા સુધારેલા બજેટ પર ચર્ચાનો દોર આરંભાશે. આ ચર્ચાઓ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા દુષ્કાળ જાહેર કરવાની સ્થિતિને ટાળવામાં આવી રહ્યાના મુદ્દે વિપક્ષ સરકાર સામે ટકરાશે તેવુ લાગી રહ્યું છે.

સોમવારથી બજેટ પર ચાર દિવસની સામાન્ય ચર્ચા આરંભાશે. આ ચર્ચાઓમાં સરકારના મંત્રીશ્રીઓ પણ દરમ્યાનગીરી કરી પ્રવચનો દ્વારા સરકારશ્રીના અભિગમની સ્પષ્ટતાઓ કરતા હોય છે.

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો આરંભ વિપક્ષના નેતાના પ્રવચનથી થતો હોય છે. બજેટ પરની આ સામાન્ય ચર્ચામાં બજેટ અંગે સભ્યો પોતાના પ્રતિભાવો વ્યક્ત કરતા હોય છે.

વિધાનસભામાં બજેટ પરની સામાન્ય ચર્ચાને અંતે રાજયના નાણામંત્રીશ્રી ચર્ચાનુંસમાપન કરતા હોય છે. સામાન્યતઃ ૪૦થી પણ વધુ સભ્યો આ ચર્ચામાં ભાગ લેતા આવ્યા છે.

આ ચર્ચા પછી વિભાગવાર માંગણીઓ રજુ કરવામાં આવશે અને તેને પસાર કરવામાં આવશે. વિધાનસભા ગૃહમાં હવે બજેટ પર બધી ચર્ચાને અંતે વિનીયોગ વિધેયક પસાર કરાશે.

વિધાનસભા ગૃહમાં આ ચર્ચા દરમ્યાન વિપક્ષ દુષ્કાળના મુદ્દે સરકારને ભીંસમાં લેવાના સઘન પ્રયાસો કરશે.

# ૧૦૮માં એકાએક આગ



અમદાવાદ શહેરના સરખેજ પોલીસ સ્ટેશનના પાર્કિંગમાં પડેલી જ ૧૦૮ ઈમરજન્સી ગાડીમાં એકાએક આગ ફાટી નિકળતા ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. આ આગમાં એમ્બ્યુલન્સને ભારે નુકસાન થયું હતું. પ્રાપ્ત અહેવાલ મુજબ સવારે સવા અગિયારના આસપાસ એમ્બ્યુલન્સના બોનેટમાં શોર્ટ સર્કિટથી આગ લાગી હતી. ટૂંકા ગાળામાં જ આખી એમ્બ્યુલન્સ આગની લપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાને પગલે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચેલા ફાયરબ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટના સમયે એમ્બ્યુલન્સમાં કોઇ ન હતું. જો કે, અંદરનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. એમ્બ્યુલન્સમાં લાગેલી આગે આસપાસ પડેલા બાઈકોને પણ લપેટમાં લીધા હતા. જેને કારણે ત્રણથી ચાર જેટલા બાઈકમાં પણ નુકસાન થયું હતું. સમગ્ર મામલામાં પોલીસે પણ પોતાની રીતે તપાસ હાથ ધરી હતી.

# ગુજરાતને સ્પર્શતા કેન્દ્રમાં પડતર પ્રશ્નોની સંખ્યા વધીને ૧૧૦ થઈ

ગાંધીનગર,તા. ૬

કેન્દ્રમાં ગુજરાતને સ્પર્શતા પડતર પ્રશ્નોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. કુલ ૧૧૩ પ્રશ્નો કેન્દ્રમાં પડતર છે. આ વખતે રાજ્ય સરકારે પડતર પ્રશ્નોને બે ભાગમાં વેંચી દીધા છે. ભાગ-૧ અને ભાગ-૨.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્રમાં ગુજરાતને સ્પર્શતા પડતર પ્રશ્નોની યાદીમાં ભાગ-૧માં કુલ ૨૩ પ્રશ્નોનો સમાવેશ થવા જાય છે. જેમાં ગૃહ વિભાગને લગતા ચાર પ્રશ્નોનો સમાવેશ થાય છે. વન અને પર્યાવરણ મંત્રાલયને સ્પર્શતા ચાર પ્રશ્નો માર્ગ અને મકાન વિભાગને સ્પર્શતા પાંચ પ્રશ્નો અને બાકીના વિભાગોને સ્પર્શતા એક-બે પ્રશ્નોનો સમાવેશ થાય છે.


ભાગ-૨ માં કુલ ૮૦ પ્રશ્નો કેન્દ્રમાં પડતર છે. જેમાં કેટલાક પ્રશ્નો

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

### ● મોદીની એનિમલ હોસ્ટેલ સ્કીમનો કેન્દ્ર અભ્યાસ કરશે

હિંમતનગર નજીક અકોદરા ગામે દેશની સૌ પ્રથમ



એનિમલ હોસ્ટેલ નરેન્દ્ર મોદીએ શરૂ કરાવી હતી. આ હોસ્ટેલમાં હાલમાં ૧૧૬૬ ગાય-ભેંસો રહે છે. તેની આવક પણ સારી છે. નિર્મળ ગુજરાત પ્રોજેક્ટ અંતર્ગત શરૂ કરાયેલ આ પ્રોજેક્ટનો અભ્યાસ કરવા હવે કેન્દ્રીય ટીમ ગુજરાત આવશે અને દેશમાં આ પ્રકારની અન્ય એનિમલ હોસ્ટેલનો પ્રારંભ કરવાની શક્યતા તપાસશે.

### ● સાયબલ ક્રાઈમમાં ૧૨૨ ટકાનો વધારો

ટેકનોલોજી દિવસે દિવસે જેમ જેમ આગળ વધતી જાય




છે તેમ તેમ તેને સંલગ્ન ગુન્હાઓની સંખ્યા પણ વધતી જાય છે. સરકારી આંકડાઓ અનુસાર ૨૦૧૨ની તુલનાએ ૨૦૧૩માં સાયબર ક્રાઈમમાં ૧૨૨ ટકાનો જંગી ઉછાળો આવ્યો છે. જેમાં હેકીંગના ગુન્હાઓ સૌથી વધુ છે.

## જશોદાબેને અંબાજીમાં માતાજીના કરેલા દર્શન

લોકપ્રિય ધાર્મિક સ્થળ અંબાજીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પત્નિ જશોદાબેન મોદીએ આજે બપોરે આરાધના કરી ધન્યતા અનુભવી હતી. જશોદાબેન બપોરે યાત્રાધામ અંબાજી આવી પહોંચ્યા હતા. જશોદાબેને મા અંબાની વિધિવત પુજા-અર્ચના અને આરાધના સાથે માતાજીના દર્શન કર્યા હતા. સૂત્રોએ કહ્યું છે કે, દર્શનાર્થે આવેલા જશોદાબેન મોદી માતાજીની ગાદી ઉપર પણ મંદિરના પુજારી ભટ્ટજી મહારાજના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. મંદિર ટ્રસ્ટ દ્વારા તેમનું સ્વાગત કરવા સાથે ટ્રસ્ટની વિવિધ વિકાસલક્ષી યોજના અને રૂપરેખાથી પણ માહિતગાર કર્યા હતા. નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા બાદ પ્રથમવાર માતાજીની આરાધના કરવા આવેલા જશોદાબેન મોદીએ મનોમન શું આરાધના કરી તે બાબતને લઈને અટકળોનો દોર શરૂ થયો હતો.

## ગાંધીનગરમાં શ્યામાપ્રસાદ મુખરજીના તૈલચિત્રને પુષ્પાંજલિ

ગાંધીનગર,તા. ૬

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૧૪મી જન્મજયંતિએ આજે ગુજરાત વિધાનસભા પરિસરમાં સદ્‌ગત મુખરજીના તૈલચિત્ર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે વિધાનસભા અધ્યક્ષશ્રી વજુભાઈ વાળા, વૈધાનિક બાબતોના રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, વિધાનસભાના દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી મંગુભાઈ પટેલ, ગાંધીનગરના ધારાસભ્યો શ્રી શંભુજી ઠાકોર અને શ્રી અશોકભાઈ પટેલ, ધારાસભ્યશ્રીઓ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના નગરસેવકો, વિધાનસભા સચિવશ્રી ડી.એમ. પટેલ અને કર્મયોગીઓએ પણ સ્વ. મુખરજીને ભાવાંજલિ અર્પણ કરી હતી.

